## મે. મજુર અદાલત, વડોદરા ખાતેના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૩૨/૨૦૨૦**

**આંક: ૪**

**પ્રથમ પક્ષકાર :** **૧.** ટીપ કવોલીટી સર્વિસ
ત્રીજો માળ,ધીરાચેલ હબ,સેવન સિઝન મોલની બાજુમાં,
ફતેગંજ રોડ, ફતેગંજ વડોદરા.

**૨.** ટીપ કયુ એસ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ,
ત્રીજો માળ,ધીરાચેલ હબ,સેવન સિઝન મોલની બાજુમાં,
ફતેગંજ રોડ, ફતેગંજ વડોદરા.

**૩.** કારવી
સ્પેન્સર બિલ્ડીંગ,સર્વે નંબર,૩૬૮ ગેડા સર્કલ,સારાભાઈ
કેમિકલ્સની સામે, વડીવાડી વડોદરા.

**વિરૂઘ્ઘ**

**બીજા પક્ષકાર :** શ્રી ભરતભાઈ શનાભાઈ વણકર
કૃષ્ણાપુરા, પાણીની ટાંકી પાસે,સિંઘ રોડ તાજી. વડોદરા
C/O , અખીલ ગુજરાત જનરલ મઝદુર સંઘ
ડી–૭૭,કિષ્ણા કોમ્પલેક્ષ બોરસદ ચોકઠી પાસે,મુ.તા.જી.આણંદ

**<u>હાજર રહયા</u> :** પ્રથમ પક્ષકાર તરફે :ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : એમ.એચ.સંકરીયાત

**<u>:: એ વો ર્ડ ::</u>**

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔઘોગિક વિવાદ આઈ.ડી. એકટની કલમ–૧૦(૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરાના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./ ૨૫૦૧૯, તારીખ : ૩૧/૧૨/૨૦૧૯ થી બીજા પક્ષકાર શ્રમયોગીશ્રીને તેમના પડેલા દિવસોના પૂરેપુરા પગાર

તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ? તે મુદ્દાના ન્યાયનિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

(૨) રેકર્ડ જોતાં હાલનો રેફરન્સ ૨૦૨૦ ની સાલનો છે. બીજા પક્ષકાર નાઓએ માંગણાનું નિવેદન કે કોઈ પુરાવો તેમને નોટીસ બજવા છતાં રજૂ કરેલ નથી તેમજ બીજા પક્ષકારને પૂરતી તકો આપવા છતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર રહેલ નથી કે નિવેદન પણ રજૂ કરેલ નથી. આમ, બીજા પક્ષકારે તેમના કેસની હકીકતોના સમર્થનમાં માંગણાનું નિવેદન રજૂ કરેલ ન હોય કે કોઈપણ પ્રકારનો પુરાવા પણ રજુ કરેલ ન હોય જે ધ્યાને લેતા એવી હકીકત ફલિત થાય છે કે તેમને પોતાનો કેસ ચલાવવામાં રસ નથી. આથી બીજાપક્ષકારની સતત ગેરહાજરી અને પુરાવાના અભાવે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) બીજાપક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(સંજય સુમંતપ્રસાદ જાની )

તારીખ : ૨૫/૧૦ /૨૦૨૪ — જી.જે. ૦૧૧૮૭

સ્થળ : વડોદરા. — લેબર જજ (સીનીયર ડીવીઝન)

(પી.એમ.હાડા–સ્ટેનો) — લેબર કોર્ટ નં.૨,વડોદરા